ગાંધીનગર સમાચાર

નવ હજાર પરિવારો જિલ્લામાં કાચી છત અને કાચી દિવાલ ધરાવતા એક રૂમના મકાનમાં જીવે

# આજે હાફ મેરેથનમાં ૨૧૦૦ દોડવીરો ભાગ લેશે

**દોડતા કદમ પર આયોજકોની સતત વોચ રહેશે : શહેરમાં પ્રથમવાર યોજાતી હાફ મેરેથન દોડનો તાદ્રશ્ય ચિતાર નિહાળવા રેડીયો ફ્રીકવન્સી આઇડેન્ટીફિકેશન ડીવાઇસ સિસ્ટમ : રનર્સ ગૃપ દ્વારા રૂટમાં પાંચ ઠેકાણે ડીવાઇસ ફીટ કરાયા છે**

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગરમાં આજે યોજાનારી પ્રથમ હાફ મેરેથન દોડને અનુલક્ષી રૂટમાં આર એફ આઇ ડી સિસ્ટમ લગાવામાં આવી છે. જેના આધારે પ્રત્યેક દોડવીરના લોકેશન પર નજર રાખી શકાશે તેમજ સ્પર્ધકની દોડનો સમય રૂટ પરની હીલચાલની સેકન્ડે સેકન્ડનો તાદ્રશ્ય ચિતાર આયોજકો નિહાળી શકશે. રનર્સ ગૃપ દ્વારા આ માટે દોડવીરોને જરૂરી કીટનુ પણ વિતરણ કરી દેવામાં આવ્યુ છે. જેમાં આ સિસ્ટમ આધારિત ચીપ પણ દરેક સ્પર્ધકને આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



શહીદ દિન - શહીદ દિને બરાબર અગિયાર વાગ્યે બે મિનિટ માટે મૌન પાળવા અને કાર્યના સ્થાને ઉભા થઈને અદબ જાળવવાના રાજ્ય સરકારના આદેશ જાહેર કરાયો... પાટનગરમાં જુના સચિવાલય ખાતે કેટલાય વાહન ચાલકો ૧૦.૫૯ મિનિટે વાગતી સાયરન વાગતા જ પોતપોતાના વાહનોને જે તે સ્થાને થંભાવી દીધા હતા અને બે મિનિટની સમયમર્યાદા બાદ પોતાના ગંતવ્ય તરફ ગતિ કરી હતી.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ચિલોડા સરખેજ નેશનલ હાઈવે માર્ગને સિકસલેન કરાશે

**ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે રૂટમાં આવતા ક્રોસ રોડ પર અન્ડરપાસ બનાવાશે**

ગાંધીનગર તા ૩૦

ચિલોડા થી સરખેજ ઉજાલા ચોકડી તરફના નેશનલ હાઈવે નં-૮ને સિકસલેન કરવા માટે ટુંકમાં આખરી આયોજન કરવામાં આવશે.સિકસલેન કરવા માટે દરખાસ્ત તૈયાર કરી કેન્દ્ર સરકારને સુપ્રત કરવામાં આવશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫૦૦ કરોડનો ખર્ચ થાય તેમ છે.

ચિલોડા નરોડા નેશનલ હાઈવેને ફોરલેન કરવા માટેના કામને હમણાંજ કેન્દ્રીય મંત્રી કક્ષાએથી મંજુરી આપવામાં આવી છે. માર્ગ મકાન મંત્રીએ દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી સાથે બેઠક કરીને આ મામલે રજુઆત કરી હતી જેના અનુસંધાને પ્રોજેકટને મંજુરી આપવામાં આવી હતી. ગુજરાત માર્ગ મકાન વિભાગને ૫૪૦૦ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ તબક્કે ચિલોડા સરખેજ ઉજાલા ચોકડી તરફના નેશનલ હાઈવે નં-૮ને પણ સિકસલેન કરવા માટે ટુંકમાં દરખાસ્ત કરવામાં આવશે.

ચિલોડાથી ઉજાલા તરફના આ માર્ગમાં કેટલોક ભાગ ફોરલેન છે. જેને ધ્યાને લઈ ૧૭ કીમીના આ ભાગને સિકસલેન બનાવવા માટે પણ આયોજન કરવામાં આવશે. જયારે આ પ્રાજેકટને અનુલક્ષી રૂટમાં આવતા જરૂર મુજબના ક્રોસીંગે પણ અન્ડરપાસ બનાવાશે. જેમાં ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે ઘ-૦, ચ-૦, વેષ્ણોદેવી સર્કલ, પકવાન, ઉવારસદ ચોકડી સહિતના ક્રોસ રોડને આર ઓ બી અન્ડર પાસ હેઠળ આવરી લેવાશે. ચિલોડા સરખેજ માર્ગને સિકસલેન બનાવવા માટે સક્રીય વિચારણા હાથ ધરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૫૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

# જિલ્લામાં ૫૦ ટકા મતદારો ૪૦થી ઓછી વય ધરાવે છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૫૦ ટકા મતદારો ૪૦ વર્ષથી નીચેની વય ધરાવતા નોંધાયેલા છે. આમ જિલ્લાનો મતદાર યુવા છે. જેમાં ૨૪,૩૮૫ મતદારો માત્ર ૧૮ થી ૧૯ વર્ષની આયુ ધરાવતા છે જે હવે પછીની ચૂંટણીઓમાં પહેલીવાર મતદાન કરશે.

તાજેતરમાં કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ ૧-૧-૧૬ની સ્થિતિએ નોંધાયેલા મતદારોમાં ગાંધીનગર જિલ્લાના નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૧,૨૩,૪૫૩ છે.

● અનુસંધાન પાન-૭ પર

# નવ હજાર પરિવારો જિલ્લામાં કાચી છત અને કાચી દિવાલ ધરાવતા એક રૂમના મકાનમાં જીવે છે

**વંચિતપણા અંગે ગ્રામ વિકાસ એજન્સીએ હાથ ધરેલો સર્વે : આવા પરિવારોના વિકાસ માટે વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં અગ્રતા અપાશે**

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૯૦૦૯ કુટુંબો કાચી દિવાલ અને કાચી છતવાળા માત્ર એકરૂમ ધરાવતા હોય તેવા આવાસમાં તેમના દિવસો વિતાવી રહ્યા છે. તો જિલ્લામાં ૧૭,૯૬૨ પરિવાર એવા છે જે કુટુંબમાં ૨૫ વર્ષથી ઉપરના અક્ષરજ્ઞાન ધરાવતા પુખ્ત વયના સભ્યો ન હોય.

૨૦૧૧માં ભારત સરકાર દ્વારા કરાયેલ સોશીયો ઈકોનોમીક કાષ્ટ સેન્સસમાં આ ચોંકાવનારી હકીકતો દર્શાવાઈ છે.

વંચિતોના વિકાસ માટેનું વચન આપનાર ભાજપે ગ્રામ્ય વિસ્તારમાં વસતા આવા વંચિતોના વિકાસનું બીડુ વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં આવા પરિવારોને અગ્રતા આપવાનું જણાવી ઉપાડ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આવા વંચિત પરિવારોને શોધી કાઢવા માટે ગ્રામ વિકાસ

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર કોર્ટના ઈતિહાસમાં પ્રથમવાર**

# સોશ્યલ મીડીયાના માધ્યમથી આરોપીનું નિવેદન લેવાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર કોર્ટમાં આસારામ સામે ચાલી રહેલા યૌન શોષણના કેસ પ્રકરણમાં ચાર્જ ફ્રેમ કરવા માટે આરોપી આસારામને ગાંધીનગર કોર્ટ લાવવા હૂકમો થયા હતા. પરંતુ જોધપુર કોર્ટના આદેશથી કેટલાક કારણોસર જેલ સુપ્રિન્ટેન્ડેન્ટ આસારામને ગાંધીનગર કોર્ટમાં રજુ કરતા ન હતા. આખરે વિડીયો કોન્ફરન્સના વિકલ્પ તરીકે શોસ્યલ મિડીયાના માધ્યમનો ઉપયોગ કરી આરોપીનું નિવેદન લેવાનું નક્કી થયું છે. 'સ્કાય-પી' મારફતે આસારામનું ૧૦મી ફેબ્રુઆરીએ જોધપુર જેલથી ગાંધીનગર કોર્ટમાં નિવેદન લેવાશે અને ચાર્ચફ્રેમ કરવામાં આવશે. ગાંધીનગર કોર્ટના ઈતિહાસમાં પ્રથમવાર સોશ્યલ મીડિયાના માધ્યમથી આરોપીનું નિવેદન લઈ ચાર્જફ્રેમ કરવામાં આવશે.

**જોધપુર જેલ સુપ્રિટેન્ડેન્ટ આસારામને જોધપુર કોર્ટના આદેશ અનુસાર ગાંધીનગર કોર્ટમાં રજુ કરતા ન હોવાથી આખરે ''સ્કાય-પી'' મારફતે આસારામનું નિવેદન ગાંધીનગર કોર્ટ નોંધશે**

યૌન શોષણના આરોપોનો સામનો કરી રહેલા આસારામ જોધપુર જેલમાં છે. ગાંધીનગર કોર્ટમાં ચાલી રહેલા તેમના યૌન શોષણ કેસ પ્રકરણમાં ચાર્જ ફ્રેમ (કેસ કમીટ) કરવા માટે ઘણા સમયથી તારીખો પડે છે. આસારામને જોધપુર જેલ સુપ્રિટેન્ડેન્ટ ગાંધીનગર લાવતા ન હોવાથી ચાર્જફ્રેમ થઈ શકતી નથી. આસારામ સામે કરાયેલા આરોપો તેમને મંજુર છે કે ના મંજુર તે અંતર્ગત આરોપી આસારામનું નિવેદન લેવા માટે વિડીયો કોન્ફરન્સ કરવા વિચારણા હાથ ધરાઈ હતી. આખરે સોશ્યલ મિડીયા 'સ્કાય-પી' (વિડીયો કોલીંગનું સોફ્ટવેર)ના માધ્યમથી આસારામનું નિવેદન લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજે ગાંધીનગર કોર્ટમાં આસારામના વકીલે આ પ્રક્રિયા માટે તારીખ માંગતા ૧૦મી ફેબ્રુઆરીએ આ પ્રકારે નિવેદન નોંધવા તારીખ આપી છે. જોધપુર જેલમાં બેઠા બેઠા આસારામ 'સ્કાય-પી' મારફતે આસારામ ૧૦મી ફેબ્રુઆરીએ ગાંધીનગર કોર્ટ સમક્ષ નિવેદન આપશે અને ત્યારબાદ ચાર્જફ્રેમ થશે.



## બેસણું

અમારા પુત્ર **દિનુભાઈ લવજીભાઈ સોલંકી**નું તા. ૨૯/૧/૨૦૧૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૩૧/૧/૨૦૧૬ને રવિવારે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાકે** અમારા નીચેના નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :-**
**પ્લોટ નં. ૬૫૫/૨,**
**સેક્ટર-૧૩/એ,**
**ગાંધીનગર**

**લવજીભાઈ હિરાભાઈ સોલંકી (પિતા)**
**રમીલાબેન દિનુભાઈ સોલંકી (પત્ની)**
**નિલમ ધ્રુવ રાઠોડ (પુત્રી)**
**રશ્મી દિનુભાઈ સોલંકી (પુત્રી)**
**ગીતાબેન મનુભાઈ સોલંકી (ભાભી)**

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

leisure & activities @ PARISAR - swimming pool & cafe in luxurious surroundings
ultra luxurious APARTMENTS...@ Kudasan, Gandhinagar
A Project By : S.R INFRACON




for detailed presentation call: tps The Property Shop 98245 03011
besides shivalay residency, infocity - daiict road, opp. kanam-1, kudasan, gandhinagar.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com